બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્ય.
શાળાઓમાં ભરતી માટે રોજગાર વિનિમય
કચેરીમાંથી નામો મંગાવવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૧૦૭-૪૫૮-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 31 AUG 2007

વંચાણે લીધાઃ-

૧. શ્રમ અને રોજગાર વિભાગનો તા. ૧૪.૬.૨૦૦૬ નો પરિપત્ર ક્રઃ રગર-૧૦૯૮-૧૧૪૮-ર(ર)
૨. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરનો તા. ૯.૧૦.૨૦૦૩ નો પરિપત્ર ક્રમાંકઃ ૦૩/૨૦૦૩ (સુધારો)
૩. કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીના તા. ૧૨.૨.૨૦૦૭ ના પત્ર નં. ઉમબ-ઉમા-૮-૦૭-૦૮-૫૦૭

આમુખઃ-

શ્રમ અને રોજગાર વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ ના પરિપત્રથી સરકારની આર્થિક સહાય મેળવતી તમામ સંસ્થાઓને રોજગાર વિનિમય કચેરીઓ મારફત ફરજીયાત ભરતી કરવા બાબતમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાનો અમલ કરવા ભરતી અંગેની કાર્યપધ્ધતિમાં અનુસારવાની થતી સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે અને તેનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવેલ છે. શ્રમ અને રોજગાર વિભાગનો ઉકત પરિપત્ર તમામ વિભાગોને મોકલવામાં આવતાં વિભાગની સંકલન શાખા ધ્વારા તમામ ખાતાના વડાની કચેરીને જાણ તથા જરુરી કાર્યવાહીઅર્થે શેરાથી મોકલવામાં આવેલ. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરના તા. ૧૮.૧૦.૨૦૦૬ ની સૂચનાથી તથા કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીની તા. ૨૭.૧૦.૨૦૦૬ ની સૂચનાથી તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને શ્રમ અને રોજગાર વિભાગની સૂચનાઓનું પાલન કરવા જણાવવામાં આવેલ. ત્યારબાદ, કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરીના તા. ૧૨.૨.૨૦૦૭ ના પત્ર નં. ઉમબ-ઉમા-૮-૦૭-૦૮-૫૦૭ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ ના તા. ૯.૧૦.૨૦૦૩ ના પરિપત્ર તથા વખતોવખત બહાર પાડવામાં આવેલ સૂચનાઓ અન્વયે જાહેરાત આપીને બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકો તથા કર્મચારીઓની ભરતી કરવાની કાર્યવાહી કરવા મંજુરી આપવા વિનંતી કરવામાં આવેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

રાજયની અનુદાન સહાય મેળવતી તમામ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કિસ્સામાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૪.૬.૨૦૦૬ ના પરિપત્રની સૂચનાઓ મુજબ રોજગાર વિનિમય કચેરીમાંથી નામો મંગાવવાની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં આચાર્યની જગ્યા માટેની જરુરી લાયકાત પૈકીની

એક લાયકાત શિક્ષક તરીકેનો લાંબો અનુભવ હોવાથી શિક્ષક તરીકે નોકરી કરનાર ઉમેદવારનું નામ રોજગાર વિનિમય કચેરીમાં નોંધાયેલ ન હોય અથવા નોંધાયેલ હોય તો કમી થઇ ગયેલ હોય છે જેથી આચાર્યની જગ્યા માટે અનુભવ ધરાવતા શિક્ષકની જરુરિયાતને ધ્યાને લેતાં આચાર્યની જગ્યાની ભરતી પુરતું શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૪.૬.૨૦૦૬ ના પરિપત્રમાંથી મુકિત આપવાનું અને શિક્ષણ વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ એટલે કે જાહેરાત ધ્વારા ભરતી કરવાનું પુખ્ત વિચારણાને અંતે ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ સમાનાંકી ફાઇલ પર સરકારશ્રીની તા. ૨૪.૮.૨૦૦૭ ની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ.એમ.ગામીત
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો તરફ જાણ સારુ.
- નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજય, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મ.ભો.યોજના અને શાળાઓની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.
- માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર બહોળી પ્રસિધ્ધિ અર્થે.
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
- આચાર્ય સંઘ ( કમિશનરશ્રી, શાળાઓની કચેરી મારફત )
- મહામંત્રીશ્રી, ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ, શ્રી જે.બી.શાહ ઇંગ્લીશ મિડીયમ સ્કુલ, કોલેજ કેમ્પસ, મોડાસા- ૩૮૩ ૩૧૫, જી. સાબરકાંઠા.
- શિક્ષણ વિભાગની તમામ શાખાઓ.
- સીલેકટ ફાઇલ.